# રાજ્યભરમાં કમોસમી વરસાદ : ખેતીને ભારે નુકસાન

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ બન્યો, ૧૨થી ૧૩મી ડિસેમ્બરે પણ વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ



ગુજરાતમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. જેના પગલે આગામી ૧૨થી ૧૩મી ડિસેમ્બરના રોજ છૂટો-છવાયો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આ દિવસો દરમિયાન સોમનાથ, સુરત, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદમાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજયના અમુક વિસ્તારોમાં વરસાદ પડશે તેવી આગાહી હવામાન વિભાગ તરફથી આપવામાં આવી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ બન્યો છે. જેના કારણે સૌરાષ્ટ્ર, ઉત્તર, દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે (૧૨મી ડિસેમ્બર ૨૦૨૦) દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના મતે આગામી ૪૮ કલાક બાદ ૪ ડિગ્રી તાપમાન ઘટશે. બીજી બાજુ અમદાવાદમાં આજે સામાન્ય વરસાદ અને આવતી કાલે વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાન વિભાગ અમદાવાદના ડાયરેક્ટર ડૉક્ટર જયંત સરકાર જણાવ્યું હતું કે, ૧૧મી તારીખે એટકે કે પ્રથમ દિવસે ગીર-સોમનાથ જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે. બીજા દિવસે એટલે કે ૧૨ તારીખના રોજ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં થોડો વરસાદ પડવાની સંભાવના રહેલી છે. ૧૩મી તારીખના રોજ ભાવનગર, દાહોદ, પંચમહાલ, આણંદ અને વડોદરા જિલ્લામાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે.

ગુજરાતમાં રવિવાર સુધી એમ ત્રણ દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના કેટલાક ભાગોમાં આજે વરસાદ પડ્યો છે. આજે સુરતના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ અમદાવાદમાં ભર શિયાળે ચોમાસાનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાનના પલટાની અસર અમદાવાદમાં પણ વર્તાઇ છે અને સવારથી અનેક વિસ્તારોમાં એકાએક કમોસમી વરસાદ પડ્યો હતો. વહેલી સવારે અમદાવાદમાં વરસાદ પડતા વહેલી સવારે દોડવા જતા લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી હતી.

આજે વહેલી સવારે અમદાવાદના ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગુરુકૂળ, સેટેલાઈટ, એસજી હાઈવે, ગાંધીનગર, સરસપુર સહિતના અનેક વિસ્તારોમાં સવારે ૪ વાગ્યાથી



એકાએક વાતાવરણ પલટાયું હતું અને ત્યારબાદ ધીમેધારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. આ સિવાય વહેલી સવારે અમદાવાદના વેજલપુર, થલતેજ. એસ.જી. હાઈવે, સીટીએમ, જમાલપુર, કાંકરિયા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. બીજીબાજુ રાજ્યના જૂનાગઢ, ભાવનગર, સુરત, વડોદરા જેવા વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે અને ૧૨ ડિસેમ્બર સુધી દક્ષિણ ગુજરાતના ભાગો, સૌરાષ્ટ્રના કિનારાના ભાગો, મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. સાથે ઠંડી પણ ઘટવાની શક્યતા છે. અરબ સાગરમાં ચક્રવાતની અસરથી આ માવઠું થવાની શક્યતા છે.

## બેવડી ઋતુથી સંક્રમણ વધવાની ડોક્ટરોએ ચિંતા વ્યક્ત કરી

અમદાવાદ, તા. ૧૧

હાલ રાજ્યભરના અનેક તાલુકા અને જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે જગતના તાતને તો રોવાનો વારો આવ્યો છે. પરંતુ બે ઋતુના કારણે ડોક્ટરોએ હવે એક મોટી ચિંતા વ્યક્ત કરીને લોકોની ઉંઘ હરામ કરી દીધી છે. રાજ્યભરમાં હવામાનના પલટા અંગે ડૉક્ટરોએ એક મોટી ચિંતા વ્યક્ત કરી છે. હાલ રાજ્યમાં બે ઋતુના અનુભવના કારણે કોરોના સંક્રમણ વધવાની શક્યતા જોવાઈ રહી છે. કારણ કે વાદળછાયું અને ભેજવાળા વાતાવરણમાં શરીદ, તાવના કેસના લીધે કોરોનાનો ચેપ લાગવાનો ભય વધુ રહેલો છે.

એએમએના પ્રમુખ ડૉ.કિરીટ ગઢવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ઠંડી, વરસાદથી વાયરસ જમીન તરફ ધકેલાય છે. જમીન તરફ વાયરસ આવવાથી સંક્રમણની શક્યતા દર્શાવવામાં આવી છે. એએમએના પ્રમુખે જણાવ્યું કે વેકસીન ન શોધાય ત્યાં સુધી માસ્ક પહેરવા લોકોને સલાહ આપવામાં આવી રહી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાતભરના વાતાવરણમાં આવેલા પલટાના કારણે તબીબી આલમમાં કોરોનાનું સંક્રમણ વધવાની ચિંતા વ્યક્ત કરી છે. એએમએના પ્રમુખે જણાવ્યુ કે, વાતાવરણમાં આવેલા પલટાના કારણે કોરોનાના કેસમાં વધારો થઈ શકે છે. બે ઋતુના કારણે શરદી અને તાવના કેસમાં વધારો થાય છે. જેથી કોરનાના કેસ પણ વધી શકે છે. ઠંડી અને વરસાદને લઈને વાયરસ પર દબાણ થતું હોવાથી વાયરસ જમીન તરફ ધકેલાય છે. જમીન તરફ વાયરસ આવવાથી કોરોનાનું સંક્રમણ વધી શકે છે. જેથી એએમએ દ્વારા લોકોને માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે.

# ભિલોડા કોવીડ હોસ્પિટલ શરૂ કરવા પ્રબળ માંગ

## ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે ભટકવું પડતું હોવાની બૂમ

ભિલોડા, તા. ૧૧

દિવાળી પર્વ બાદ અને હાલ ચાલી રહેલા લગ્નસરાની સીઝનના પગલે અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ રોકેટગતિએ વધી રહ્યું છે. જીલ્લામાં સીવીલ હોસ્પિટલના અભાવે શંકાસ્પદ કોરોનાગ્રસ્ત અને કોરોના પોઝેટીવ દર્દીઓ માટે મોડાસા અને વાત્રાક ટ્રસ્ટની હોસ્પિટલમાં કોવીડ હોસ્પીટલ ઉભી કરવામાં આવી છે. ભિલોડા પંથકમાં જીલ્લાનો સૌપ્રથમ કોરોનાના કેસ નોંધાયા પછી સતત કોરોનાનું સંક્રમણ યથાવત રહેતા સરકારી કોવીડ હોસ્પિટલમાં જગ્યાના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં મોંઘીદાટ સારવાર કરાવવા મજબુર બન્યા છે. ત્યારે ભિલોડા ખાતે આવેલ કોટેજ હોસ્પિટલમાં અદ્યતન કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. જીલ્લા પંચાયત સદસ્ય અને પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ પણ જીલ્લા કલેક્ટરને પત્ર લખી ભિલોડા કોટેજ હોસ્પિટલમાં કોવીડ હોસ્પિટલની સુવિધા ઉભી કરવા રજુઆત કરી હતી.

કોરોનાનું નામ સાંભળતાની સાથે ભલભલાના હાંજા ગગડી જાય છે, અસહ્ય મોંઘવારી અને મંદીના માહોલ વચ્ચે કોરોના પોઝેટીવ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં લૂંટાઈ રહ્યા હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે, ત્યારે ભિલોડા નગરમાં આવેલી કોટેજ હોસ્પિટલમાં અદ્યતન સુવિધા સભર કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવે તે ગરીબ અને મધ્યમ વર્ગીય લોકો માટે આશીર્વાદ રૂપ બની રહશે.

ભિલોડા તાલુકાના અનેક કોરોનાના લક્ષણો ધરાવતા અને કોરોનાથી સંક્રમિત બનેલા દર્દીઓ હિંમતનગર, અમદાવાદ, ગાંધીનગર સહીત અન્ય શહેરી વિસ્તારોમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા મજબુર બન્યા છે. લોકો જીવ બચાવવા દેવાના ડુંગર તળે દટાઈ રહ્યા છે. ખાનગી હોસ્પિટલના




તોતિંગ બીલો ભરી લોકો આર્થિક રીતે પાયમાલ બની રહ્યા છે ત્યારે ભિલોડા નગરમાં આવેલી કોટેજ હોસ્પિટલ સહીત જીલ્લાની અન્ય સીએચસી દવાખાનાઓમાં ખાનગી હોસ્પિટલોની જેમ કોવીડ વોર્ડ બનાવવામાં આવેની લોક માંગ પ્રબળ બની છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૨૨૩ કેસ

ગાંધીનગર,તા.૧૧

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૨૨૩ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૪૦૩ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૦૭,૫૨૯ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૨.૧૧ ટકા થઇ ચુક્યો છે. રાજયમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૦,૫૨૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૩૧.૧૨ પ્રતિ મીલીયન થાય છે. રાજયમાં અત્યાર સુધીમાં કુલ ૮૫,૫૩,૧૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૯,૩૨૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૯,૧૮૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૩૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૬૨૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૧ છે. જ્યારે ૧૩,૫૫૬ લોકો સ્ટેબલ છે. ૨,૦૭,૫૨૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૪૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૩ લોકોનાં મોત નિપજયાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૮, સુરત કોર્પોરેશન ૦૨, બનાસકાંઠા, પંચમહાલ અને સુરતમાં ૧-૧ વ્યક્તિ સહિત કુલ ૧૩ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

### દરેક ચિકિત્સાને એક કરી ખીચડી બનાવવાની પદ્ધતિ પ્રયાસ સામે

## મોડાસા તબીબો હડતાળ પર, તબીબોએ ઈમરજન્સી સારવાર આપી

મોડાસા, તા. ૧૧

મિક્સોપથીની નીતિ એલોપથી અને




આયુર્વેદનો મૃત્યુઘંટ વગાડશે. સેન્ટર કાઉન્સિલ ફોર ઈન્ડિયન મેડિસિન દ્વારા એક નોટિફિકેશન બહાર પડ્યું છે જેનો વિરોધ ડોકટર્સ કરી રહ્યા છે. જેમાં અનુસ્નાતક કક્ષાના આયુર્વેદિક ડોક્ટર્સને ૫૮ પ્રકારની સર્જરી કરી શકવાની છૂટ આપતા સરકારની નીતિ સામે આક્રોશ વ્યક્ત કરવા માટે સમગ્ર દેશમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા તમામ ખાનગી ક્લિનિકમાં કોવિડ સિવાયની ઓ.પી.ડી. બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો જેમાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના તબીબોએ સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ઓપીડી સારવાર આપવાથી અળગા રહ્યા હતા. જો કે ઈમરજન્સી અને થેલેસેમિયાથી પીડાતા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

### કેમ તબીબો સરકારના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે તેના પર એક નજર

દરેક સાયન્સ પોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે તેમાં નેચરોપથી, આયુર્વેદ, હોમિયોપથી અલગ સાયન્સ ધરાવે છે. એલોપથી ૫૦૦ વર્ષમાં ડેવલપ થયેલું આધુનિક સાયન્સ છે અને એ દર્દમાં ઉપચાર માટે વધુ અસરકારક પૂરવાર થઈ છે. હવે, એમ.બી.બી.એસ. ડોકટરને સર્જરી કરવાની છૂટ નથી.

એમ.બી.બી.એસ. થયાં પછી સુપર સ્પેશિયાલિટી કોર્સ કરે તે પછી જ સર્જરી કરવાની છૂટ મળે છે. સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન અને નીતિ આયોગની ચાર પાંખે આયુષ ડોક્ટર્સ ચાર વર્ષના કોર્સ કર્યા પછી બે વર્ષનો કોર્સ કરે તે પછી ૩૯ સર્જરી કરી શકશે તેવી છૂટ આપી છે. આ નીતિનો એલોપથી ડોક્ટર્સ વિરોધ વ્યક્ત કરી રહ્યાં છે.

એલોપથી ડોક્ટરની દલીલ છે કે સર્જરીમાં ઈન્ફેક્શન સહિત અનેક બાબતોની તકેદારી રાખવી પડે છે. આયુષ એટલે કે આયુર્વેદને પ્રોત્સાહન આપવું જરૂરી છે પણ એમના સાયન્સમાં આગળ વધે તે જરૂરી છે. પણ શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય નાગરિકો વધુ ભોગ બને તેવી ભીતિ વ્યક્ત કરીને ઈન્ડિયન મેડિકલ એસોસિએશને આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કર્યાં છે.

## બાયડના ગાબટ ગામના માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યાલયનું ઉદઘાટન કરાયુ

બાયડ :-બાયડ તાલુકાના ગાબટ ગામે માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૩ વર્ષથી કે કોઈ પણ પ્રકારના ભેદભાવ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યાલયનો કાર્યરત છે. જેમાં જરૂરિયાતમંદોને વગર દાતાશ્રીઓના સહકારથી સરપંચ દ્વારા ટ્રસ્ટની ગામના સરપંચ કૃષ્ણસિંહ ઝાલા કન્યાદાન સ્વરૂપે વિવિધ વસ્તુઓ કામગીરીમાં વેગ મળે તે હેતુસર તેમજ ટ્રસ્ટના સભ્યો, વેપારીઓની આપીને




નિસ્વાર્થ ભાવે સર્વ ધર્મ શુભારંભ જય અંબે ટ્રસ્ટ, મંદબુદ્ધિ નિઃ શુલક જમવાનું અશક્ષેત્ર સમભાવના સૂત્રને ચરિતાર્થ કરતું આશ્રમ બાયડના આશ્રિત ચલાવવામાં આવી રહ્યું છે તેમજ આદર્શ ટ્રસ્ટ છે. માનવસેવા બહેનોના વરદ હસ્તે રીબીન કાપીને દર વર્ષે આદર્શ લગ્ન જેમાં ગરીબ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યાલયના તેમજ મંદબુદ્ધિના આશ્રમના દીકરીઓને નિઃશુક સમૂહ શુભારંભમાં ગાબટ ગામના પ્રમુખ અશોકભાઈ જૈન, ગાબટ લગ્નમાં સમૂહલગ્નનું આયોજન ગ્રામ પંચાયત દ્વારા જમીનની હાજરીમાં નાના મોટા સેવાકીય થાય છે. તેમજ અસ્થીબેંક ફાળવણી કરવાની પણ જાહેરાત કાર્યોને ગતિશીલ બનાવવા સાથે ચલાવવામાં આવે છે જેમાં કરી હતી અને આ જાહેરાતથી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટે ગાબટ અસ્થિ વિસર્જન ધાર્મિક ટ્રસ્ટના સભ્યોએ આનંદની ખાતે કાર્યાલયનો શુભારંભ કરી જગ્યાએ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે લાગણી અનુભવી હતી.

### ત્રેવડી ઋતુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. જયારે રાત્રિના સમયે વરસાદી છાંટણા પડયા હતા. જેના લીધે વાતાવરણમાં ભીંજારા સાથે ઠંડક પ્રસરી હતી. રાત્રિ દરમિયાન ભેજવાળા વાતાવરણ સાથે વરસાદી વાયરો યથાવત રહ્યો હતો જયારે વહેલી સવારે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા. સવારે પણ સેકટરોમાં ઘણાં ઠેકાણે વરસાદના છાંટણા સાથે ભીની માટીની મહેંક પ્રસરી હતી. જયારે કમોસમી વરસાદી વાયરાથી ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. સવારે વાતાવરણ પલ્ટા વચ્ચે સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી નગરમાં હીલ સ્ટેશન જેવો નઝારો સર્જાયો હતો. જયારે શિયાળાની સવારે વરસાદી વાતાવરણથી ઠંડીનો ચમકારો વર્તાયો હતો. નગરજનો ઘરમાં પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે સવારથી નગરના જનજીવન પર પણ વાતાવરણ પ્લટાની અસર જોવા મળી હતી. શિયાળાની કડકડતી ઠંડીના દિવસોમાં અષાઢી માહોલ સર્જાતા નગરજનોમાં કમોસમી વરસાદ ટોક ઓફ ઘ ટાઉન બન્યો હતો. બીજીતરફ વાતાવરણ પલ્ટા વચ્ચે પણ નગરમાં ઠંડીનુ જોર નોંધપાત્ર ઘટ્યુ હતુ બપોરના સમયે વાતાવરણમાં ઉકળાટ અનુભવતા નાગરિકો બેચેનીનો શિકાર બન્યા હતા. દિવસનુ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ૧૦ ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન આકરા તાપના બદલે પ્રમાણમાં ઠંડક રહી હતી પરંતુ વધતા ભેજના પ્રમાણથી બફારો અનુભવાયો હતો. આ ઉપરાંત ઠંડીનો પારો પણ ગરમીની જેમ ૫ ડીગ્રી સુધી ગગડયો હતો. ઠંડી અને ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડા વચ્ચે પણ વિચિત્ર મોસમના મિજાજથી નગરજનોએ ઘરમાં ફેન ઓન રાખવાની ફરજ પડી હતી. સવારના સમયે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર રીતે વધ્યુ હતુ સવારે ભેજન પ્રમાણ ૯૬ ટકા રહ્યુ હતુ. દિવસ દરમિયાન ઠંડી અને ગરમીના પારા વચ્ચે માત્ર ૪ ડીગ્રીનો તફાવત જ રહ્યો હતો. ઠંડીની સિઝનમાં વાતાવરણ પલ્ટાની અસરથી જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી હતી. એકબાજુ કોરોનાના કહેર વચ્ચે ઠંડી ગરમી વચ્ચે વરસાદ પણ ભળતા નાગરિકો સુસ્તી અને બેચેનીનો શિકાર બન્યા છે.

### કામગીરી અટવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે દશેરા બાદ શહેર અને જિલ્લામાં ડામર માર્ગના કામો શરૂ કરી દેવાયા હતા. પરંતુ દિવાળી સમયે મજુરો વતનમાં જતા રહ્યા હતા જેના પરિણામે કામો ફરી ઠપ્પ થઇ ગયા હતા. જયારે દિવાળી બાદ શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા ઉપરાંત આડા અને ઉભા માર્ગોના વાઇડનીંગ અને સરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. હાલના દિવસોમાં પણ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. પરંતુ લાંબા સમય બાદ માર્ગોની કામગીરી હાથ ધરાયા બાદ હવે અચાનક જ શિયાળાની કડકડતી ઠંડીની ઋતુમાં વરસાદ ખાબકતા માર્ગોની કામગીરી ઠપ્પ થઇ ગઇ છે. ગઇકાલ રાતથી વરસાદ વરસવાનુ શરૂ થતા સેકટરોમાં હાથ ધરાયેલી માર્ગ સુધારણાનુ કામ અટવાયુ છે. વરસતા વરસાદમાં ડામર રસ્તાઓનુ કામ કરવાનુ શકય ન હોવાથી તંત્રએ આખરે આજે માર્ગોના સરફેસીંગનુ કામ બંધ કરી દીધુ હતુ જયારે હવે આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા માર્ગ સુધારણાનુ કામ પુન : શરૂ કરવામાં આવશે.

### રેલવે પણ રોકીશું ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપ બહુમતીથી થોડીક સીટો પાછળ રહી ગઇ હતી. ત્યારે દુષ્યંતના નેતૃત્વવાળી જેજેપી એ ભાજપને સમર્થન આપ્યું હતું અને રાજ્યમાં ખટ્ટર સરકારની વાપસી થઇ હતી. હાલ ૯૦ સીટોવાળી હરિયાણા વિધાનસભામાં સત્તાધારી ભાજપ ૪૦ સીટોની સાથે સૌથી મોટી પાર્ટી બની છે. કોંગ્રેસની પાસે ૩૧ સીટો છે. તો જેજેપી ૧૦ સીટો પર જીતી હતી. આ સિવાય હરિયાણા લોકહિત પાર્ટી ૧ , આઇએનએલડી ૧ અને ૭ સીટો બીજા અન્ય ના ખાતામાં ગઇ હતી. પરિણામો બાદ કોંગ્રેસે પણ જેજેપી અને અન્યની સાથે લઇ ગઠબંધનની સરકાર બનાવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દુષ્યંતે ભાજપને સપોર્ટ કરી ખટ્ટરની સરકાર બનવા દીધી. હવે બદલાયેલી પરિસ્થિતિઓમાં કોંગ્રેસના ધારાસભ્ય દળના નેતા અને પૂર્વ સીએમ ભુપિંદર સિંહ હુડ્ડા ફરીથી સક્રિય થઇ ગયા છે.

### ભણકારા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંવિધાનની રક્ષા કરવી મારી જવાબદારી છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખૂબ ખરાબ છે. બંગાળમાં સંવિધાનની મર્યાદાઓ તૂટી રહી છે. ડાયમંડ હાર્બરમાં નડ્ડાના કાફલા પર હુમલો થયો છે. મમતાને તેના માટે માફી માંગવી જોઈએ. મમતાને સંવિધાનનું પાલન કરવું પડશે. જે ગઈકાલે થયું તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે આપણા પ્રજાતાંત્રિક મૂલ્યો પર ધબ્બો છે. પરંતુ ગઈકાલે એવું થયું નહીં. સિલીગુડીમાં પણ આવું થયું. પ્રદર્શનકારીઓને ડરાવા ધમકાવામાં આવ્યા. આ બધું એવા દિવસોમાં થયું જ્યારે આવતીકાલે માનવાધિકાર દિવસ હતો.

### ભારતમાં મંજુરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક અધિકારીએ આ અંગે નામ ના આપવાની શરતે જણાવ્યું હતું કે ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટે વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે અરજી કરી છે, જેના પર હજુ સુધી કોઈ નિર્ણય નથી લેવાયો. તેવામાં યુકેમાં જો તેને મંજૂરી મળી જાય તો ભારતમાં પણ તેનો અમલ થઈ શકે છે. કારણકે, ભારતમાં કંપની દ્વારા જે દરખાસ્ત મૂકાઈ છે, તેમાં તેણે યુકે અને બ્રાઝિલમાં ચાલી રહેલી ટ્રાયલનો પણ ઉલ્લેખ કર્યો છે. વધુમાં આ રસીને હજુ કોઈ દેશમાં મંજૂરી નથી મળી. આ મામલો ખૂબ જ સંવેદનશીલ હોવાથી સંપૂર્ણ ચોકસાઈ અને સલામતી સાથે તેને મંજૂરી આપવી કે કેમ તેનો નિર્ણય લેવાશે. વળી, રસીનો કેટલો ડોઝ અસરકારક છે તે અંગે પણ એમએચઆરએ દ્વારા શું જણાવાય છે તેના પર પણ ભારતની નજર છે. આ રસીની ટ્રાયલ દરમિયાન તેના બે ફુલ ડોઝ જેમને અપાયા હતા તે લોકોમાં રસીની અસરકારકતાનું પ્રમાણ ૬૨ ટકા રહ્યું હતું, પરંતુ ૯૦ ટકા જેટલા નાના પેટા ગ્રુપને પહેલા હાફ અને પછી ફુલ ડોઝ આપવામાં આવ્યો હતો. તાજેતરમાં જ વર્લ્ડ બેંક દ્વારા યોજાયેલી સાઉથ એશિયાની ઈન્ટર-મિનિસ્ટિરિયલ મિટિંગમાં દેશના આરોગ્ય મંત્રી હર્ષ વર્ધને જણાવ્યું હતું કે, આગામી થોડા સપ્તાહોમાં જ વેક્સિન ઉપલબ્ધ બનશે તેવી અપેક્ષા છે, અને લાગતીવળગતી રેગ્યુલેટરી એજન્સી દ્વારા જેવી મંજૂરી મળે કે તરત જ ભારતમાં વેક્સિનેશન પ્રોસેસ પણ શરુ થઈ જશે.

### ફરી સંકટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમર્થન નથી કર્યું અને તેમની સાથે છેતરપિંડી કરી છે. પંચાયતોની ચૂંટણીમાં ભાજપે ૧૮૩૩ બેઠકોજીતી હતી, જ્યારે કોંગ્રેસે ૧૭૧૩ બેઠકો જીત મળી છે. આ ઉપરાંત જિલ્લા પ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસની સરખામણીએ ભાજપનું પ્રદર્શન વધુ સારું હતું.

જો કે, બંને ધારાસભ્યોની ટેકો પાછો ખેંચી લેવાની અસર અશોક ગેહલોત સરકાર પર પડશે નહીં. કારણ કે હવે રાજ્યમાં કોંગ્રેસની બહુમતી છે. પરંતુ કેટલીક વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની છે. રાજસ્થાનમાં કુલ ૨૦૦ વિધાનસભા બેઠકો છે, જેમાંથી ગેહલોત સરકાર પાસે હાલમાં ૧૧૮ બેઠકો છે. જો કે, આમાંથી ઘણા અપક્ષના ધારાસભ્યો પણ સામેલ છે.

સાથો સાથ મુખ્યમંત્રી અશોક ગેહલોતે ખુદ આશંકા વ્યક્ત કરી હતી કે રાજ્યમાં ફરી એક વખત સરકારને તોડી પાડવાની હલચલ શરૂ થઈ ગઈ છે. અશોક ગેહલોતે પાર્ટીના કાર્યકરોને સંબોધન કરતી વખતે આ દાવો કર્યો હતો. અશોક ગેહલોતના મતે ભાજપ ફરીથી રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાનો પ્રયાસ કરી શકે છે. આપને જણાવી દઈએ કે આ વર્ષની શરૂઆતમાં કોંગ્રેસ રાજસ્થાનમાં બે જૂથોમાં વહેંચાય ગઈ હતી.

### કામધંધો નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચડ્ડા, નડ્ડા, ફડ્ડા, ભડ્ડા અહીં હોય છે. જ્યારે તેમની પાસે કોઈ દર્શક હોતા નથી તેઓ પોતાના કાર્યકર્તાઓને નોટંકી કરવા માટે કહે છે. ડાયમંડ હાર્બર વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે મમતાએ આંગળી ઉઠાવતા કહ્યું કે તમારી સાથે સુરક્ષાકર્મીઓ છે. કોઈ તમારા પર કેવી રીતે હુમલો કરી શકે છે? હુમલાનું આયોજન કરવામાં આવ્યું હશે, મેં પોલીસને તપાસ કરવા માટે કહ્યું છે. પરંતુ હું દરવખતે ખોટું સહન કરીશ નહીં. તેઓ (ભાજપના કાર્યકરો) દરરોજ શસ્ત્રો (રેલીઓ માટે) સાથે આવે છે. તેઓ પોતાને થપ્પડ મારી રહ્યા છે અને તેનો આરોપ તૃણમૂલ કોંગ્રેસ પર લગાવી રહ્યા છે. જરા સ્થિતિ અંગે વિચારો. તેઓ બીએસએફ, સીઆરપીએફ, આર્મી અને સીઆઈએસએફની સાથે ફરી રહ્યા છેપ તો પછી તમે આટલા બધા ડરો છો કેમ?

એક મીડિયા રિપોર્ટ મુજબ અમિત શાહ ૧૯ ડિસેમ્બરે કોલકાતા પહોંચશે અને ત્યાં ૨૦ ડિસેમ્બર સુધી રોકાશે. આગામી વર્ષે રાજ્યની વિધાનસભા ચૂંટણીની વચ્ચે ટીએમસી અને બીજેપીની વચ્ચે વધી રહેલા તણાવથી રાજકીય પારાનો અંદાજો લગાવી શકાય છે. બીજી તરફ કેન્દ્ર સરકારે બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાના પશ્ચિમ બંગાળના પ્રવાસ સમયે કથિત ગંભીર સુરક્ષા ખામીને લઈ ગુરૂવારે રાજ્ય સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી આ રિપોર્ટ પશ્ચિમ બંગાળ સરકાર પાસે માંગવામાં આવ્યો છે.